દાખલ તારીખઃ- ૨૫/૦૬/૨૦૨૬

રજીસ્ટર તારીખઃ-૨૫/૦૬/૨૦૨૬

ફેંસલ તારીખઃ-૦૪/૦૭/૨૦૨૬

સમયગાળોઃ- વર્ષ- માસ- દિવસ

૦૦- ૦૦ - ૦૯

**મે. ભાવનગરના અધિક સત્ર ન્યાયાધિશ (કુ. આર. એ. નાગોરી) સાહેબની કોર્ટમાં, મુ.તળાજા.**

**ક્રિમીનલ પરચુરણ અરજી નંબર-૧૦૯/૨૦૨૬**

**આંક-**

**અરજદાર/આરોપીઃ-**

ભાવેશભાઇ રણછોડભાઇ વાઝા

ઉ.આ.વ.-૪૦, ધંધો-ટ્રાન્સપોર્ટ,

રહે. વિકટર, તા.રાજુલા, જિ.અમરેલી.

**વિરુધ્ધ**

**સામાવાળાઃ-**

શ્રી સરકાર

**બાબતઃ- ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૨ અન્વયે આગોતરા જામીન મેળવવા બાબત અરજી.**

**<u>અરજદાર તરફે વિ.વ.શ્રી એચ.બી.બાંભણીયા</u>**

**<u>સામાવાળા તરફે વિ.એ.જી.પી.શ્રી વી.જી.માંડલીયા</u>**

**:: જજમેન્ટ ::**

**(૧)** જામીનઅરજી તથા અરજદાર તરફે રજૂ દસ્તાવેજી પુરાવા વિગેરે વંચાણે લીધા. તપાસ કરનાર અમલદાર દ્વારા રજૂ કરવામાં આવેલ સોગંદનામું વિગેરે વંચાણે લીધા. અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી એચ.બી.બાંભણીયાને તથા સામાવાળા તરફે વિ.એ.જી.પી.શ્રી વી.જી.માંડલીયાને સાંભળ્યા.

**(૨)** હાલના અરજદાર/આરોપી તરફે દાઠા પો.સ્ટે. એફ.આઇ.આર. નં. ૧૧૧૯૮૦૧૪૨૬૦૧૮૯/૨૦૨૬ (તા.૧૯/૦૬/૨૦૨૬) પ્રોહીબીશન એકટની કલમ-૬૫ (એ), ૬૫ (ઇ), ૧૧૬(બી), ૮૧, ૮૩, ૯૮(૨) મુજબનાં ગુન્હાના કામે ત.ક.અમલદારનાઓ અરજદારની ખોટી રીતે ધરપકડ કરે તેવી પૂરેપૂરી પાકી અને વાજબી દહેશત હોઇ, જો અરજદારની ધરપકડ કરવાનો અવસર ઉપસ્થિત થાય તો ત.ક.અ.શ્રી અરજદારને યોગ્ય રકમના જામીન લઇ જામીન પર મુકત કરે તેવો હુકમ મેળવવા માટે હાલની અરજી કરેલ છે. અરજદાર તરફે જામીન મુકત થવા માટે જે કારણો જણાવેલ છે તે તમામ અરજીમાં લેખિત સ્વરૂપે ઉપલબ્ધ હોઇ તથા આ હુકમ તે અરજી સંલગ્નનો જ હુકમ હોય, તે તમામ કારણોનું અત્રે પુનરાવર્તન કરેલ નથી, પરંતુ તે તમામ કારણો વંચાણે લઇ ધ્યાને લીધેલ છે.

**(૩)** અરજદાર/આરોપી સામેનાં મુખ્ય આક્ષેપો સંક્ષિપ્તમાં જોતાં, અન્ય આરોપી અર્જુનભાઇ મથુરભાઇ સોલંકીએ તા.૧૯/૦૬/૨૦૨૬નાં કલાક ૦૨/૩૦ વાગ્યાના અરસામાં બોરડા ગામે જવાના પાટીયા પાસે, સંતધારા હોટલ સામે, ભાવનગર-સોમનાથ નેશનલ હાઇવે રોડ પર પોતાના કબજાની આઇસર નં.જી.જે.૧૪એ.ટી. ૮૩૮૪માં જરી વેસ્ટની આડમાં ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ નંગ ૧૭૫૧, કિંમત રૂા.૧૨,૦૨,૨૦૬/- તથા બિયરના ટીન નંગ-૧૮૭૨, કિંમત રૂા.૨,૩૪,૦૦૦/- મળી, કુલ કિંમત રૂા.૧૪,૩૬,૨૦૬/-ના પ્રોહીબીશન મુદ્દામાલ સાથે રેઇડ દરમિયાન પકડાઇ જવા સંબંધે નોંધાયેલ ગુનાના કામે અરજદાર તથા અન્ય આરોપી ભાવેશ કરશનભાઇ સોલંકીએ સદર મુદ્દામાલનો જથ્થો મંગાવી, અરજદાર સદર ગુન્હામાં સંડોવાયેલ હોવાનો ફરિયાદપક્ષનો કેસ છે.

**(૪)** અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી એચ.બી.બાંભણીયાએ દલીલ કરતાં જણાવેલ છે કે અરજદાર/આરોપીએ કહેવાતો કોઇ ગુનો કરેલ નથી. અરજદાર પાસેથી કોઇપણ પ્રકારનો મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ નથી. મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ છે તે ટ્રક અરજદારની માલિકીનો નથી. અરજદાર સ્થળ પરથી મળી આવેલ નથી. અરજદારને ખોટી રીતે સદર ગુનાના કામે સંડોવી દેવામાં આવેલ છે. જો અરજદારની સદર ગુનાના કામે ખોટી રીતે પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવે તો અરજદારની પ્રતિષ્ઠાને નુકસાન થાય તેમ છે. સદર કામે કેસની ઇન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની અદાલતને રહેલી છે. અરજદાર રાજુલા તાલુકાના વિકટરના રહેવાસી છે.અરજદાર કયાંય નાસી ભાગી જાય તેમ નથી. અરજદારના શીરે તેઓના કુટુંબના જીવનનિર્વાહની જવાબદારી રહેલી છે. અરજદાર પોલીસ તપાસમાં સહકાર આપવા તૈયાર છે તેમજ નામદાર કોર્ટ ફરમાવે તેવા જામીન

આપવા તથા શરતોનું પાલન કરવા ખુશી છે. જેથી, સદર તમામ હકીકતો તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતે ૨૦૧૧(૧) એસ.સી.સી. ૬૯૪૧ **'' સિધ્ધરામ સતલિંગપ્પા મ્હેત્રો વિરુધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને બીજાઓ''** ના ચુકાદામાં આગોતરા જામીન સબંધે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઇ અરજદારને આગોતરા જામીન ઉપર મુકત કરવા રજૂઆત કરેલી છે.

**(૪.૧)** ફરિયાદપક્ષ તરફે વિ.એ.જી.પી.શ્રી વી.જી.માંડલીયાએ અરજીનો વિરોધ કરી મહદ્ અંશે તપાસ કરનાર અમલદારે રજૂ કરેલ સોગંદનામાની વિગતો રીફર કરી રજૂઆત કરેલ છે કે સદર કામે અરજદારનું નામ એફ.આઇ.આર.માં છે. અરજદારે રૂા.૧૪,૩૬,૨૦૬/-નો પ્રોહીબીશન મુદ્દામાલ મંગાવેલ છે. અરજદાર ગુનાહિત ઇતિહાસ ધરાવે છે. અરજદાર વિરુધ્ધ પ્રોહીબીશન એકટ મુજબના અન્ય સાત ગુના નોંધાયેલ છે. હાલ પોલીસ તપાસ ચાલુ હોઇ, અરજદાર/આરોપીને આગોતરા જામીન પર મુકત કરવાથી અરજદાર પોલીસ તપાસમાં સહકાર ન આપે તેવી શકયતા રહેલ છે. જેથી, સદર તમામ હકીકત ધ્યાને લઇ અરજદારની હાલની જામીનઅરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

**(૫)** પક્ષકારોની રજૂઆત તથા સમગ્ર રેકર્ડ લક્ષમાં લીધા. કોઇપણ બિનજામીનપાત્ર ગુનાના કામે આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવો કે કેમ તે બાબત ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૨ની જોગવાઇ મુજબ અદાલતની વિવેકબુધ્ધિની સત્તાને આધીન રહેલી છે અને આવી વિવેકબુધ્ધિની સત્તા કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતોને આધીન વાપરવાની રહે છે. અરજદાર/આરોપી વિરુધ્ધ આક્ષેપિત ગુનાના કામે રજૂ આગોતરા જામીન અરજી નિર્ણિત કરતી વખતે આક્ષેપિત ગુના સંબંધે નિર્દિષ્ટ કરવામાં આવેલ સજાની જોગવાઇ ઉપરાંત ગુનાનો પ્રકાર, ગુનાની ગંભીરતા, ગુનાના કામે અરજદાર/આરોપીની ભૂમિકા, અરજદાર/આરાપીનો પૂર્વ ઇતિહાસ, આરોપીની વય, ટ્રાયલ દરમિયાન આરોપીની હાજરી મળી આવવાની સંભાવના, અરજદાર/આરોપીને આગોતરા જામીન પર મુકત કરવાથી પોલીસ તપાસને થનાર અસર, સમાજ પર ગુનાની અસર વિગેરે પરિબળો પણ લક્ષમાં લેવાના રહે છે. સદર કામે ફરિયાદની હકીકત મુજબ, અન્ય આરોપી અર્જુનભાઇ મથુરભાઇ સોલંકીએ તા.૧૯/૦૬/૨૦૨૬નાં કલાક ૦૨/૩૦ વાગ્યાના અરસામાં બોરડા ગામે જવાના પાટીયા પાસે, સંતધારા હોટલ સામે, ભાવનગર-સોમનાથ નેશનલ હાઇવે રોડ પર પોતાના કબજાની આઇસર નં.જી.જે.૧૪એ.ટી. ૮૩૮૪માં જરી વેસ્ટની આડમાં ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ નંગ ૧૭૫૧, કિંમત રૂા.૧૨,૦૨,૨૦૬/- તથા બિયરના ટીન નંગ-૧૮૭૨, કિંમત રૂા.૨,૩૪,૦૦૦/- મળી, કુલ કિંમત રૂા.૧૪,૩૬,૨૦૬/-ના પ્રોહીબીશન મુદ્દામાલ સાથે રેઇડ દરમિયાન પકડાઇ જવા સંબંધે નોંધાયેલ ગુનાના કામે અરજદાર

તથા અન્ય આરોપી ભાવેશ કરશનભાઇ સોલંકીએ સદર મુદ્દામાલનો જથ્થો મંગાવી, અરજદાર સદર ગુન્હામાં સંડોવાયેલ હોવાનો ફરિયાદપક્ષનો કેસ છે. આમ, ફરિયાદપક્ષના કેસની હકીકત મુજબ, અરજદાર વિરુધ્ધ ફરિયાદ મુજબનો પ્રથમમદર્શનીય ગુનો બનતો હોવાનું જણાઇ આવે છે. વધુમાં, ફરિયાદપક્ષના કેસની હકીકત મુજબ હાલ સદર ગુનાના કામે પોલીસ તપાસ ચાલુ હોઇ, અરજદારને આગોતરા જામીન ઉપર મુકત કરવાથી પોલીસ તપાસને વિપરીત અસર થવાની શકયતા નકારી શકાય તેમ નથી. જેથી, સદર તમામ હકીકત લક્ષમાં લેતાં, અરજદાર/આરોપીની તરફેણમાં આગોતરા જામીન ઉપર મુકત કરવા અંગેની વિવેકબુધ્ધિની સત્તાનો ઉપયોગ કરવાનું યોગ્ય અને વાજબી જણાતું ન હોઇ, અરજી લગત ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**— :: હુકમ :: -**

અરજદાર/આરોપી ભાવેશભાઇ રણછોડભાઇ વાઝા, રહે. વિકટર, તા.રાજુલા, જિ.અમરેલીનાઓની દાઠા પો.સ્ટે. એફ.આઇ.આર. નં. ૧૧૧૯૮૦૧૪૨૬૦૧૮૯/૨૦૨૬ (તા.૧૯/૦૬/૨૦૨૬) પ્રોહીબીશન એકટની કલમ-૬૫ (એ), ૬૫ (ઇ), ૧૧૬(બી), ૮૧, ૮૩, ૯૮(૨) મુજબનાં ગુન્હાના કામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૨ અન્વયે આગોતરા જામીન પર મુકત થવા માટેની હાલની અરજી આથી નામંજૂર કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ-૪ થી, માહે-જુલાઇ, સને-૨૦૨૬નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરીને જાહેર કર્યો.

તા.-૦૪/૦૭/૨૦૨૬
તળાજા.

(આર. એ.નાગોરી)
એડીશનલ સેશન્સ જજ,
ભાવનગર, મુ.તળાજા.
**(જીજે૦૦૫૭૮)**